ૐ

શ્રી વિશ્વકર્મા પદમાળા.

શ્રી વિશ્વકર્માના આશ્રીતો માટે

રચનાર,

ગુર્જર-સુતાર હરીલાલ માવજી.

(જામનગર).

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મીસ્ત્રી ધર્મશી પિતાંમ્બર.

(મેઘપર આલાના)

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦.

ધી "વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મોહનલાલ મગનલાલે છાપી.
શાહપુર-ગોઝારીઆની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

મુલ્ય ૧ આનો.

ॐ

શ્રી વિશ્વકર્મા પદમાળા.

શ્રી વિશ્વકર્માના આશ્રીતો માટે

રચનાર,

ગુર્જર-સુતાર હરીલાલ માવજી.

(જામનગર).

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મીસ્ત્રી ધર્મશી પિતાંમ્બર.

(મેઘપર ઝાલાના)

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦.

ધી "વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મોહનલાલ મગનલાલે છાપી.
શાહાપુર-ગોઝારીઆની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

મુલ્ય ૧ આનો.

અર્પણ પત્રિકા.

શ્રીશ્રી ધર્મશીભાઈ પિતામ્બરભાઇની પવિત્ર શેવામાં.

(શાર્દુલવિક્રીડિત.)

છે પ્રીતી સુધર્મમાં સદા ક્ષમાં પરોપકારે વૃત્તિ ભરી;
ઉદારતા શીયળ વૃત ધરો નવ અભીમાન ઉરમાં જરી.
પવીત્ર ગુર્જર જ્ઞાતિમાં જ્ઞાતા શ્રેષ્ટ ગુણવાન છો;
રહી કીર્તિ પ્રસરી નિરમળ અતિશય બુદ્ધિમાન છો.
જોઈ એવા સદગુણ ઘણા મમ ઉર માંહી વિચારીને;
કરૂં અર્પણ આ પદમાળ હું તે સ્નેહે લેશો સ્વીકારીને.

હું છું આપનો જ્ઞાતિ બંધુ.

શ્રી ગુર્જર બંધુઓને વિનંતી.

પ્રીય બંધુઓ આથી ખુશી થશો કે આપણા કુળ પિતા મહાશ્રી વિશ્વકર્માજીના ગુણાનુવાદ ગાવાની મ્હારા ઉરમાં ઉત્કંઠા ઉપજી અને તે શ્રી વિશ્વકર્માજીની પ્રેરણાએજ મ્હારા અંતઃકરણમાં વિચાર ઉપજાવ્યો તેજ વિચારથી આ લઘુ પદ્યમાળા રચી આપ સકળ સદગુણી સજ્જનોના હસ્ત કમળમાં મુકવાની મ્હારી ઇચ્છા થઈ છે. તો આપ સર્વે સજ્જનો આ મ્હારા અલ્પકાર્ય તરફ દ્રષ્ટી કરી અનેક ભુલચુક હશે તે લક્ષમાં નહીં લેતાં આ કાર્યને ઉત્તેજન આપવા કૃપાવંત થશો. એવી આ શેવક અભીલાષા રાખે છે.

જામનગર.
સંવત ૧૯૬૮ ના
માહાસુદ ૫ ને
બુધવાર.

લી. શેવક હરીલાલ માવજી દુધીઆ.

श्री विश्वकर्मा जयति.

સ્તુતિ.

(રાગ જોગ આશા).

વિશ્વકર્માજી આનંદકારી પ્રણમું પ્રેમે હર્ષ ઉર ધારી ટેક.
પદપંકજ અતિ સુખદાતા શુભ ગુણ શૃંગ જય જગત્રાતા. વિશ્વ.
થાઓ સહાય નિજ બાળ જાણી આપો મતી શુભ દયા ઉર આણી.વિશ્વ.
તવ ગુણ ગાવા ધરી અભીલાષા કૃપા કરીને પુરણ કરો આશા. વિશ્વ
હરીલાલ કહે શીશનામી હરો વિઘ્ન સકળ જગ સ્વામી. વિશ્વ.

પદ ૨.

(કરૂણાલય કેશવ કમળાપતિ) એ રાહ.

જય ત્રિગુણાત્મક દેવ દયાળુ વિશ્વકર્મા પાવનકારી;
અખંડાનંદ જગવંદન જયમંગળ મુર્તિ મનહારી...એ ટેક.
રજ તમ સત્વ સ્વરૂપ સદાછો નિરગુણ નિરવીકારી,
ભક્ત સુખ કર દીન દુઃખ હર અકળ ગતિ અતિ ન્યારી;
વાહન હંસ ચત્રુભુજ ગુણ અગણીત સદન ધારી...એ જય.
સ્વરૂપ અદભુત ધરીને વરીઆ પ્રભુ તમે કૃતિ નારી;
દાસ હરી ગાઇ તવ ગુણ લેખે સદ્દભાગ્ય ભારી...એ જય.

પદ ૩.

(રાગ ધનાશ્રી).

ભલે બીરાજો દયાળ વિશ્વકર્મા ભલે બીરાજો દયાળ. ટેક.

સોળગઢમાં ધામ તમારૂં વસો ત્યાં નિત્ય કૃપાળ. વિશ્વ.
મનહર પ્રતિમા સુંદીર રાજે તેજ તણા અંબાર. વિશ્વ.
નર નારી મળી દર્શને આવે ધરી ઉમંગ અપાર. વિશ્વ.
નિજ શેવકની આશા પુરોછો કરીને કૃપા મોરાર. વિશ્વ.
દાસ હરી તવ દર્શ કરીને માને સફળ અવતાર. વિશ્વ.

પદ ૪.

(ગંગ જટા ઝુરહી શીરપે) એ રાહ.

નિરખતાં શ્રી વિશ્વકર્માજી લોચન પ્રેમે ઠરે રે ટેક.
તાપ તનના સહુ સમાતા થાતાં સુખ અમાપ રે;
જન્મ મરણ તણું જે સંકટ પલમાં તેતો ટળે રે. નિ૦
કરુણારશ મુર્તિ અઘહારી સંભારી નિત્ય નામરે;
ભજી લ્યો ભાવે સુખદાતાને કરી પ્રીત અંતરે રે. નિ૦
પીયો પ્રેમરસ પ્રિતેથી ગાઇને પાવન યશ રે;
દાસ હરા કહે પ્રેમે ભજ્યાથી તમ કાજ સહુ સરે રે. નિ૦

પદ ૫.

(રાગ લાવણી).

સુખદપદ છો શ્રી વિશ્વકર્માજી પ્યારા;
નિત નિત ભજીએ નાથ જય જગદાધારા સુખ૦ ટેક.
છો અસરણ સરણ કરણ સુખસ્વામી;
વિભુ ભવ ભય હરજો નાથ સદા ગુણગામી. સુખ૦
જય જગત ગુરૂ આપ કહાવો જગત્રાતા;
પ્રભુ સકળ વિશ્વની માંહી આપ વિખ્યાતા. સુખ૦

દેજો નિશદીન નાથ ભક્તિ અમને પ્યારી;
કહે દાસ હરી કર જોડી એજ વૃતિ અમારી. સુખ૦

પદ ૬.

(પ્રેમની રીત છે ન્યારી, ઓધવજી) એ રાહ.

વિશ્વકર્માજી સુખકારી પુજો પ્રેમે વિશ્વકર્માજી સુખકારી ટેક.
પ્રેમ થકી જો નિત્ય પુજાએ થાએ સુખ અતિ ભારી. પુજો.
સુખના સાગર, ગુણવંતા, એ ઉર ઉમંગને ધારી. પુજો.
કરૂણામયનાં ચારૂ ચરિત્ર ગાઓ સકળ નરનારી. પુજો.
ભક્તિરસનું પાન કરીને જન્મ મરણ લ્યો ટાળી. પુજો.
દાસ હરી ગાએ ગુણ વાલાના તનમન, ધન સહુ વારી. પુજો.

પદ ૭.

(મહારાણી ખબર એક લાવી) એ રાહ.

ગાઓ (૩) રે સહુ વિશ્વકર્મા ગુણ ગાઓ. ટેક.
નરનારી સહુ આનંદધારી ગાઈ ગુણ લ્યો લ્હાવોરે. સહુ.
કરો ભજન જો ભાવ ધરીને તો સુખી અતિશે થાઓરે. સહુ.
ધારી ચરણ પ્રેમથી ચિત્તે અંતરમાંહી પધરાવોરે. સહુ.
સંકટ સર્વે જાએ તમારાં મુર્તિ અંતરમાં ધારોરે. સહુ.
દાસ હરી કહે ફરી ફરીને મળે ન અવસર આવોરે. સહુ.

પદ ૮.

(રાગ કલ્યાણ).

આહા આજશું રશીક સોભતા;
નિર્ખ્યા શ્રી વિશ્વકર્માજી ચિત્ત લોભતા. ટેક.

રત્ન સિંહાસન ઉપર રાજે પ્રીતે સુંદીરસ્યામ:
કનક મુગટ શીર ધરીને ચત્રુભુજ અભિરામ. આહા.
પ્રથમ કરમાં ગજ બીરાજે બીજે પુસ્તક સાર;
ત્રીજા કરમાં સુત્ર ધારી બેઠા દીનદયાળ. આહા.
ચોથા કરમાં માળા શોભે રૂદ્રાક્ષની રશરૂપ;
મુર્તિ ચિત્તહર સુંદીર પ્યારી દીસે અતિ અનુપ. આહા.
કરી દરશનને પાવન થાએ ટળે તાપ ત્રીવીધ;
દાસ હરી કહે કર જોડીને મળે સુખ નવનિધ. આહા.

પદ ૯.

(સોન સમોવડ નથી નૃપ જગમાં) એ રાહ.

વિશ્વકર્માજી નિરખો નેણે સકળ નરનારી. ટેક.
કરી ભાવ થકી દરશન કરો સફળ તવ લોચન;
ચારૂ ચરણ ચિત્ત ધારી વિશ્વ૦
પ્રભુ વિશ્વ સ્વામી પ્યારા ભવ ભય હરનારા;
દુષ્ટ જન દમનકારી વિશ્વ૦
મુર્તિ ત્રીગુણાત્મક શોભે જોઇને મનડાં લોભે;
ચોરે ચિત્ત મીટે ભારી વિશ્વ૦
સુખ અખંડ સદા આપે પ્રભુ કષ્ટ સકળ કાપે;
કહે હરી સુખકારી વિશ્વ૦

પદ ૧૦.

(રાગ આશાગોડી).

વિશ્વકર્માજી પ્યારા ભજીએ નિત્ય વિશ્વકર્માજી પ્યારા. ટેક.

કરૂણાકારી છે સદા પ્રભુએ બહુનામી ગુણ અપારા. ભજી.
નિશદીન ભક્તિ કરી ઉર પ્યારી શેવોને સુખદાધારા. ભજી.
મળે સુખ અતિ અલૌકીક ટળે તન તાપ તમારા.
દાસ હરી કહે ભાવ ધરીને ગાઓ પાવન યશ ન્યારા. ભજી.

પદ ૧૧.

(રાગ માઢ.)

આરાધો નિશદીન પ્રેમથી શ્રી વિશ્વકર્માજી ચિત્ત. ટેક.
મંગળ મુર્તિ ઉર ધરો છબી નૌતમ રશરૂપ;
સંસાર સિંધુ સ્હેજે તરીને લહો સુખ અનુંપરે. શ્રી૦
સુખના રાશી સદા અવીનાશી તારણ ભવફંદ;
કરૂણાસાગર અતિ મુદભર સેવો ધરી આનંદરે. શ્રી૦
શુભ ચરિત્ર યશવંતના ગાઓ સકળ નરનાર;
દાસ હરી કહે સ્નેહ થકી નાવે અવસર બીજી વારરે. શ્રી૦

પદ ૧૨.

(પ્રાંયા રજા દીઓ આ વાર).

આજે વિશ્વકર્માજીને નિરખી હર્ષ ઉરૈ અતિરે. ટેક.
ઇલોળગઢમાં શ્રી અલબેલો જોવા લાયક છેલછબીલો;
મુર્તિ મનહર સુંદીર ઓપતિરે. આજે.
રત્ન મુગટ શીરપર રાજે ચતુરા યુધ કરમાં છાજે;
વાહન હંસ તણું સદા શુભ મતિરે. આજે.
ગજ સુત્ર ધરી મનમોહન નરનારીનાં હરણ કરો મન;
નિરખતાં દુઃખ ન રહે રતિ રે. આજે.

ભક્ત તણી ભીડ હરતા સેવકને સુખ સૌ ભરતા;
દાસ હરી કરે પ્રેમે વિનતીરે આજે.

પદ ૧૩.

(રાગ બનઝારો).

જય વિશ્વકર્મા સુખકારી પ્રેમે નમીએ વારંમવારી. ટેક.
છો મંગળકારી દેવા કરીએ નિત્ય હર્ષથી સેવા;
તવ પદ અંતરધારી પ્રેમે.
પ્રભુ બીરાજો ઇલોળગઢે નિરખી થાય આનંદ દ્રગે;
છબી અતિ ચિત્ત હરનારી પ્રેમે.
છો સકળ ગુણે સ્વામી મુર્તિ મંગળ અભીરામી;
જય ભક્ત ભવભયહારી પ્રેમે.
કરૂણા અમપર કરજો પ્યારા સંકટ સર્વે હરજો;
દાસ હરી વિનતી સ્વીકારી પ્રેમે.

પદ ૧૪.

(નાથ ક્યશે ગજકો બંધ છોડાયો) એ રાહ.

સહુ વિશ્વકર્મા ગુણ ગાઓ;
ગાઈ ગુણ લહો ખુબ લ્હાવો સહુ. ટેક.
અખંડાનંદ ભજો નિત્યે ન મળે અવસર આવો;
આનંદદાતા વિશ્વેસ્વર ભજી તન તાપ સમાવો. સહુ.
ભાવ થકી જો નિત્ય ભજોતો સુખી અતિ થાઓ;
ગજ સુત્રધરના ગુણનો અખંડ ધ્વની ગજાવો. સહુ.
ટળે જન્મ મરણ સર્વે પ્રેમથી ચરણે ધાઓ;
કરી રટણ નિશદીન ભવફંદને દુર હટાવો. સહુ.

મોહ માયા સર્વે તજીને ભક્તિરસ પીયો પાઓ;
દાસ હરી કહે કરજોડી ચરણે ચિત્ત વસાવો. સહુ.

પદ ૧૫.

(રાગ બિહાગ).

પોઢો પ્રિતે સુખકંદ શ્રી વિશ્વકર્માજી પોઢો. ટેક.
કોમળ કુશુમની શૈયા બીછાવી તે પર ધરી આનંદ. શ્રી૦
ઉતારો આભુષણ અંગથી સુંદીરસ્યામ શ્રીરંગ. શ્રી૦
ચાંપુ ચરણ ભાવ ધરીને ઢાળું વાયુ મંદમંદ. શ્રી૦
દાસ હરી કહે કરજોડીને પ્રભુ હરણ ભવફંદ. શ્રી૦

પદ ૧૬.

(પ્રાતઃ થયું મન મોહન પ્યારા) એ રાહ.

જાગોને શ્રી વિશ્વકર્માજી થયું પ્રાતઃપ્યારારે. ટેક.
અરૂણ ઉદય થયો છાયો પ્રકાશ પ્રભુ મ્હારારે;
મધુર વિહંગો કરે કીલોલા મીતરાગથી ન્યારારે. જાગો.
ફુલ્યાં કમળ દળ કોમળ અતિ ચિત્ત હરનારાંરે;
ગુંજારવ કરે મધુકર નિરખી કુશુમ રશાળાંરે. જાગો.
ભૈરવ રાગ ગાએ ભકતો પ્રેમે પ્રભુને જગાવારે;
હું કેવચ્છધેનું સરવે લહી ચાલ્યા ગોવાળારે. જાગો.
જાગો પ્રિતમ નિંદ્રા તજીને ભકતોને સુખ થાવારે;
દાસ હરી કહે કરજોડી તનના તાપ સમાવારે. જાગો.

પદ ૧૭.

(રાગ ઉપરનો).

પધારો કરવા સ્નાન પ્રિતે પ્રભુ ભાવ ધારીરે. ટેક.

બાજોઠ કનક તણે બીરાજો હેતેથી સુખકારીરે;
નીર ગરમથી નવરાવું ચોળી ફુલેલ મોરારીરે. પધારો.
પહેરો પિતાંમ્બર સુંદીર ઓઢો પામરી સારીરે;
ચાખડીએ ચડી ચાલો ભક્તજન હીતકારીરે. પધારો.
કરૂં પુજા બહુ વિધી હુંતો ચંદન પુષ્પ ચડાવીરે;
ઉતારૂં આરતી ભાવ કરીને ફુલહાર પહેરાવીરે. પધારો.
મંદીરીએ પધારો પ્રીતે કરવા ભોજન મુદધારીરે;
દાસ હરી કહે કરજોડી જમાડું આનંદકારીરે. પધારો.

થાળ.

પદ ૧૮.

(જમોતો જમાડુંરે જીવન મારા) એ રાહ.

પધારો વિશ્વકર્માજીરે પ્રીતમ પ્યારા;
જમવાને થઈ રાજીરે પ્રીતમ ત્યારા. ટેક. ૧
પ્રભુજી મારા ઉલેચ બાંધ્યા ભલીભાતે;
ભર્યા કળશ જળના ખાંતેરે. પ્રી૦ ૨
પ્રભુજી મારા ઢાળ્યા બાજોઠ કનકકેરા;
કરી હર્ષ ઘણેરારે પ્રી૦ ૩
પ્રભુજી મારા થાળ પીરશીને લાવું;
શાકપાકતો ગણાવુંરે પ્રી૦ ૪
પ્રભુજી મારા શેવૈયા મોતૈયા લાડુ;
છે લાખણસાઈ કાજુરે પ્રી૦ ૫
પ્રભુજી મારા મગદળ શેવદળ સારા;
છે મગસના ન્યારારે પ્રી૦ ૬

પ્રભુજી મારા સાટા જલેબીને ખાજાં;
પેંડા પતાસાં છે તાજાંરે   પ્રી૦   ૭
પ્રભુજી મારા મેસુબ સુત્રફેણી સારી;
જમો ઘેબર ભાવ ધારીરે   પ્રી૦   ૮
પ્રભુજી મારા હરી શો હલવો સુખકારી;
ગણગણ ને બરફી પ્યારીરે   પ્રી૦   ૯
પ્રભુજી મારા ગુંદવડાં સકરપાળા;
જાંબુ કાજુ રશાળાંરે   પ્રી૦   ૧૦
પ્રભુજી મારા બીરંજછે કેશરીઓ;
ગળ્યો ને મોળો કરીઓરે   પ્રી૦   ૧૧
પ્રભુજી મારા શેવ શુંવાળી ઘી ઝાઝે;
જમો પ્રભુ ઉચ્છાહેરે   પ્રી૦   ૧૨
પ્રભુજી મારા દ્રાક્ષ બદામ પીસ્તાં નાંખી;
કીધો દુધપાક જુઓ ચાખીરે   પ્રી૦   ૧૩
પ્રભુજી મારા પુરી કચોળી પુરણપોળી;
કાઢયો રસ કેરીનો ઘોળીરે   પ્રી૦   ૧૪
પ્રભુજી મારા સુંદીર છે માલપુડા;
પાપડને પુડલા રૂડારે   પ્રી૦   ૧૫
પ્રભુજી મારા તલસાંકરી ફુલવડી;
ગાંઠીઆ ફાફડાને કળીરે   પ્રી૦   ૧૬
પ્રભુજી મારા ખાંડ કેળાં અલબેલા;
શાયણને રોટલી છેલ્લારે   પ્રી૦   ૧૭

પ્રભુજી મારા કંચન કટોરે પાણી પીજો;
જોઇએ તે માગી લેજોરે પ્રી૦ ૧૮

પ્રભુજી મારા મુરબ્બા કેરી દ્રાક્ષતણા;
લાવીને મુક્યા ઘણારે પ્રી૦ ૧૯

પ્રભુજી મારા ભજીઆં અળવીઆદનાં;
દઈથરીઆં મન માન્યાંરે પ્રી૦ ૨૦

પ્રભુજી મારા પુર્યા કટોરા શાકાંના;
દુધીને ડોડાનારે પ્રી૦ ૨૧

પ્રભુજી મારા તળ્યાં સુરણ ઘી ઝાઝે;
વાલોળ વેંતાક તમ કાજેરે પ્રી૦ ૨૨

પ્રભુજી મારા પરવર કંકોડા ભાવ ધરી;
ગવાર ભીંડા મુક્યા કરીરે પ્રી૦ ૨૩

પ્રભુજી મારા ભાજી ચણેચી ડોડી સારી;
મુળા મોઘરીયું વઘારીરે પ્રી૦ ૨૪

પ્રભુજી મારાં રાઇતાં છે રાયજાદાં;
નૈયાં કોળાનાં છે તાજાંરે પ્રી૦ ૨૫

પ્રભુજી મારા ખારૂંને મોળું કહેજો;
ઉપર મીઠું મરી લેજોરે પ્રી૦ ૨૬

પ્રભુજી મારા અથાણાં રસરૂપ;
કેરી લીંબુનાં અનુંપરે પ્રી૦ ૨૭

પ્રભુજી મારા આદાં રંગભરને ગુદાં;
ારાં સેલરાં સુધ્ધાંરે પ્રી૦ ૨૮

પ્રભુજી મારા ફેરાં કર્મદાં કાચરીઓ;
વાંસને ગરમરીઓરે. પ્રી૦ ૨૯

પ્રભુજી મારા ભાત પંખાળી આંબામોર;
એલાચીની ખુબી ઓરરે પ્રી૦ ૩૦

પ્રભુજી મારા દાળ તુવેરની સારી;
મગ અડદની વધારીરે પ્રી૦ ૩૧

પ્રભુજી મારા દાળને ભાત જમો ભાવે;
જમતાં પ્રીત ઉપજાવેરે પ્રી૦ ૩૨

પ્રભુજી મારા દુધની તર સાકર પ્યારા;
દુધને ભાત જમો વાલારે પ્રી૦ ૩૩
પ્રભુજી મારા જોઇએ તે કહેજો અમને;
કસર કરોતો સમ તમનેરે પ્રી૦ ૩૪
પ્રભુજી મારા જમી ચળુ કરો નાથ;

ચંદનગાળે ધુઓ હાથરે પ્રી૦ ૩૫
પ્રભુજી મારા લવીંગ એલાચી તજતાજાં;
નાગરવેલીનાં પાન પાકાંરે પ્રી૦ ૩૬
પ્રભુજી મારા મેલી ચુરણ બીડી વાળી;
આરોગોને મોરારીરે પ્રી૦ ૩૭

પ્રભુજી મારા ઉતારૂં આરતિ પ્રીતે;
ધરી ઉમંગ ચિત્તેરે પ્રી૦ ૩૮

પ્રભુજી મારા પોઢો સેજ પલંગે;
ચાંપુ ચરણુ આનંદેરે પ્રી૦ ૩૯

પ્રભુજી મારા શાપો હુલ્લાસથી શાળ;
આપો પ્રસાદી કે હરીલાલરે. પ્રી૦ ૪૦

પદ ૧૯.

(રાગ શિવજીનો આરતિનો).

જયવંદે નમામી શ્રી વિશ્વકર્માજીદેવા,
ધારી મુર્તિ મંગળ (૨) કરીએ નિત્ય શેવા;
જય વિશ્વદેવ જયદેવ. ટેક. ૧
અખંડાનંદ પ્રભુ સકળ ગુણવંત સ્વામી;
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ જાએ વામી. જય. ૨
સુખદ સ્વામી ત્રીનેત્રગજ સુત્રધર સુખદાતા;
વિશ્વેશ્વર ભય હરતા (૨) છો જગ વિખ્યાતા. જય. ૩
રૂપ ચત્રભુજ અદભુત કૃતિ નારીને વરીઆ;
પ્રગટયા ગુણ થકીપર (૨) સુર કારજ કરીઆં. જય. ૪
રજતમ સત્વ ગુણે રહ્યા નિસદીન પ્રકાશી;
કરી વધ અંધકનો (૨) થયા ઇલોળગઢવાસી. જય. ૫
સત્યપુરી સમ કીધો પ્રભુ ઇલોળગઢભારી;
સુર સકળ ત્યાં વશીઆ (૨) અતીશે મુદધારી. જય. ૬
કરી સહાય સદા અમારી સ્વામી કષ્ટ સકળ હરજો;
દાસ હરી તણી વીનતી (૨) પ્રેમે અંતરમાં ધરજો. જય. ૭

પદ ૨૦.

(પદ પ્રણુવતી ભગવતી).

અખીલેશ્વર જયવંદન જગસુંદીરરૂપ સ્વરૂપ
ગુણ અમાપા જય જગત્રાતા શુભ મુર્તિ અનુપ
સહાય કરો વીનતી ઉર ધરો હાં દુઃખ દુર કરો
તવ ગુણ ગાઈ સદા સુખદાઇ પડીએ ચરણુમાં
શ્રી.....વિ.....શ્વ.....ક.....મા.....જી.....ના

ॐ शान्ति. शान्ति. शान्ति.

સમાપ્ત.

—નાઃ—

આ પદમાળા નિચેને સરનામે રોકડી કીમતે મળશે. જોઇએ તેમણે મંગાવી લેવી ચાર આનાથી ઓછી ચોપડીઓ વનારે પોષ્ટ ખર્ચ સાથેના પોષ્ટ સ્ટાંમ્પ બીડવા.

કંન્ટ્રાકટર ધર્મશી પિતાંમ્બર.

ઈ. આઈ. રેલ્વે વર્ક સોપ,

પોષ્ટ આસનસોલ.

જીલ્લો બર્દવાન.